**તાપમાન**
મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૪ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૪૫ | ૨૬ એપ્રિલ, ૨૦૧૬, મંગળવાર ; ચૈત્ર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- **તમામ મંત્રાલયોને કામ અંગેની વિગતો પુરી પાડવા માટે આદેશ**
- **પશ્ચિમ બંગાળમાં શાંતિપૂર્ણ માહોલમાં ઉંચુ મતદાન થયુ**
- **પ્રિયંકાના નેતૃત્વમાં જ યુપીમાં કોંગ્રેસ ચૂંટણી લડે તેવા એંધાણ**
- **શિરડી મંદિર દાન પેટીમાંથી ૯૨ લાખના હિરાઓ મળ્યા**
- **ઇન્ડિયા યુનિટના આઇએસ ચીફનુ હવાઇ હુમલામાં મોત**
- **ધોની અને ડેવિડ વોર્નર આજે આમને સામને**
- **ઇન્દિરા આવાસનું નામ બદલી દેવાતા હોબાળો**
- **ડાન્સ પ્રોફેશન છે તેના પર પ્રતિબંધ મુકી શકાય નહી : સુપ્રીમ**
- **માલેગાંવ બ્લાસ્ટના તમામ નવ આરોપી ડિસ્ચાર્જ થયા**

# બજેટ સત્રના બીજા તબક્કાનો તોફાની પ્રારંભ

### પ્રથમ દિવસે અરૂણાચલના મામલે ભારે હોબાળો થયો : કોંગ્રેસના સભ્યો દ્વારા ભારે સુત્રોચ્ચાર : રાજ્યસભાની કામગીરી દિવસભર માટે મોકૂફ

નવીદિલ્હી,તા. ૨૫

સંસદના બજેટ સત્રના બીજા તબક્કાની આજે ધારણા પ્રમાણે જ તોફાની શરૂઆત થઈ હતી. પ્રથમ દિવસે જ ઉત્તરાખંડ, અરુણાચલમાં રાષ્ટ્રપતિ શાસનનો મુદ્દો છવાઈ ગયો હતો. કોંગ્રેસના સભ્યોએ આને લઈને ભારે હોબાળો મચાવ્યો હતો. બીજી બાજુ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ શાસનને લઈને કેન્દ્ર સરકારની કોઈપણ ભૂમિકા નથી. વિરોધ પક્ષોએ આજે ભારે હોબાળો મચાવ્યો હતો. ઉત્તરાખંડના મુદ્દા ઉપર કોંગ્રેસના સભ્યો દ્વારા ભારે ધાંધલ ધમાલ કરવામાં આવ્યા બાદ રાજ્ય સભાની બેઠક દિવસભર માટે મોકૂફ કરી દેવામાં આવી હતી. કામગીરી શરૂ થતાની સાથે જ કોંગ્રેસના સભ્યો હોબાળા ઉપર ઉતરી આવ્યા હતા. કોંગ્રેસના સભ્યોએ કઠોર વલણ અપનાવીને પક્ષપાતી વલણ બંધ કરવાના નારા લગાવ્યા હતા. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને પણ પોતાના સ્થાનથી વિરોધના સ્વરુપમાં કેટલાક નિવેદનો કરતા જોવામાં આવ્યા હતા. જો કે, ધાંધલ ધમાલમાં તેમની વાત સંભળાઈ ન હતી. કોંગ્રેસના સભ્યોના વિરોધ બાદ અધ્યક્ષ સુમિત્રા મહાજને કામગીરીને મોકૂફ કરી દીધી હતી. આજે લોકસભામાં આ મુદ્દો છવાયેલો રહ્યો હતો. કોંગ્રેસના સભ્યો અધ્યક્ષની નજીક આવીને સૂત્રોચ્ચાર કરતા નજરે પડ્યા હતા. બજેટ સત્રના બીજા તબક્કાની આજે ધાંધલ ધમાલ વચ્ચે શરૂઆત થઈ હતી. ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસનને લઈને રાજ્યસભામાં પણ આવી જ સ્થિતિ રહી હતી. વિપક્ષી સભ્યોએ શરમ કરોના નારા લગાવ્યા હતા. રાજ્યસભામાં કોંગ્રેસના નેતા ગુલામ નબી આઝાદે કહ્યું હતું કે, દેશમાં લોકશાહીનું અપમાન થઈ રહ્યું છે. ધાંધલ ધમાલ વચ્ચે રાજ્યસભામાં પણ કામગીરી ખોરવાઈ પડી હતી. બજેટ સત્રના બીજા તબક્કા દરમિયન આવી સ્થિતિ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. કેટલાક મહત્વપૂર્ણ બિલ પસાર કરવાને લઈને સરકાર આશાવાદી બનેલી છે.

## ઈપીએફ થાપણ પર ૮.૭ ટકા વ્યાજદરને અંતે બહાલી મળી

### હાલ નાની બચતની સ્કીમમાં વ્યાજદરમાં ઘટાડો કર્યા બાદ હવે પીએફ ઉપર મળનાર વ્યાજમાં પણ ઘટાડો પાંચ કરોડ ખાતાધારકને પ્રતિકુળ અસર થશે

નવી દિલ્હી,તા. ૨૫

નાણામંત્રાલયે આજે વર્ષ ૨૦૧૫-૧૬ માટે એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ (ઈપીએફ) થાપણ ઉપર ૮.૭ ટકા વ્યાજદરને લીલીઝંડી આપી હતી. શ્રમ પ્રધાન બંદારુ દત્તાત્રેય દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારે ૧૮મી માર્ચના દિવસે ઈપીએફ, કિસાન વિકાસપત્ર સહિત નાની બચત ઉપર ચુકવવા પાત્ર વ્યાજદરમાં ઘટાડો કરી દીધો હતો અને આ રેટને માર્કેટ રેટની નજીક લાવી દીધા હતા. નાની બચત ઉપર વ્યાજદરને દર ત્રિમાસિક આધાર પર સુધારા કરવાનો નિર્ણય ૧૬મી ફેબ્રુઆરીના દિવસે કરવામાં આવ્યો હતો જે મુજબ પીપીએફ ઉપર વ્યાજદર ઘટાડીને ૮.૧ ટકા કરાયો હતો. શ્રમ મંત્રાલયના આ નિર્ણયથી પાછલા ૫૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત એવું બનશે જ્યારે કર્મચારીઓને પીએપ પર મળનારું વ્યાજ જેટલું મળવું જોઈતું હતું તેનાથી ઓછું મળશે. તે પણ એવા ટ્રસ્ટના હસ્તક્ષેપને કારણે જેને આ ટ્રસ્ટના રૂપિયા સાથે કોઈ લેવા દેવા નથી. આ નિર્ણયથી ૫ કરોડ ખાતાધારકને અસર થશે.

શ્રમ મંત્રાલય તરફથી પીએપ પર ૮.૮ ટકા વ્યાજ નક્કી કરવાની ભલામણ કરવામાં આવી હતી જેને નાણાં મંત્રાલયે ફગાવી દીધી હતી. ૨૧ એપ્રિલના રોજ નાણાં મંત્રાલયે વ્યાજ દરમાં ઘટાડા સંબંધિત પરિપત્ર શ્રમ મંત્રાલયને મોકલી આપ્યો હતો. આ પહેલા શ્રમ પ્રધાન બંડારૂ દત્તાત્રેયે ૧૬ ફેબ્રુઆરીના રોજ ચેન્નઈમાં ઈપીએફના કેન્દ્રીય ટ્રસ્ટી બોર્ડની ૨૧૧મી બેઠક બાદ કહ્યું હતું કે અમે કર્મચારીઓના ભલા માટે પ્રતિબદ્ધ છીએ તેથી ચાલુ વર્ષે પીએફ પર ૮.૮ ટકા વ્યાજ આપવાનું નક્કી કર્યું છે.



સંધ્યાનું સૌંદર્ય - પ્રકૃતિની અદભૂત લીલાના દર્શન કેમેરા કેદ કરાયા... દિવસનો અંત અને રાત્રિનો આરંભ આપણે સંધ્યા તરીકે ઓળખીએ છીએ... સૂર્યનો અસ્ત અને ચંદ્રનો ઉદય કેવા સૌંદર્યો નિર્માણ કરે છે તેનું અદ્‌ભૂત દશ્ય મન ભરીને માણવા જેવું હોય છે... ભાગદોડના જીવનમાં પાંચ-પંદર મિનિટ પ્રાકૃતિક સૌંદર્ય નિહાળવા વિરામ લેવો જોઈએ... અને જીવનને ભર્યું-ભર્યું કરવાનો આ જ તો અવસર છે... **(તસવીર : કશ્યપ નિમાવત)**

## દાળના ભાવ નિયંત્રિત કરવા સબસીડી અપાશે

નવી દિલ્હી,તા. ૨૫

મોદી સરકારે કઠોળની વધતી જતી કિંમતોને અંકુશમાં લેવા માટે અને સામાન્ય લોકોને રાહત મળે તે દિશામાં નવી પહેલ કરી છે. આના ભાગરૂપે કેન્દ્ર સરકાર કઠોળની કિંમતોને અંકુશમાં લેવા માટે સબસિડી પુરી પાડનાર છે. કેન્દ્ર સરકારે રાજ્યો દ્વારા ૧૨૦ રૂપિયા પ્રતિ કિલોના રીટેલ ભાવ સુધી કઠોળના વિતરણ માટે અડદુ પર સબસિડી આપવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યોને અરહર દાળ ૬૬ રૂપિયા પ્રતિ કિલો અને અડદ દાળ ૮૨ રૂપિયા પ્રતિ કિલોના દરથી આપવા માટે નિર્ણય કર્યો છે. સરકાર સબસીડીને લઈને ગણતરી કરી ચુકી છે.

# ઈશરત મામલે લોકસભામાં હોબાળો

### લોકસભામાં ભાજપના કિરીટ સોમૈયાના વેધક પ્રશ્નથી હોબાળો : કોંગ્રેસના સભ્યો દ્વારા ભારે વિરોધ : ઈશરતને શહીદ તરીકે દર્શાવીને દેશની સુરક્ષા સાથે રમત રમનાર લોકો કોણ હતા તે મામલે દેશ જાણવા ઈચ્છુક છે



નવીદિલ્હી,તા. ૨૫

લોકસભામાં આજે ઈશરત જહાંના મુદ્દે કેટલાક પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. લોકસભામાં એક સભ્યએ સરકાર પાસેથી એવી બાબત જાણવાના પ્રયાસ કર્યા હતા કે, યુપીએ સરકારના ગાળા દરમિયાન ઈશરતને પહેલા ત્રાસવાદી દર્શાવવા અને મોડેથી તેને શહીદ તરીકે રજૂ કરવા માટેના કારણો શુ હતા. સાથેસાથે આ સંદર્ભમાં રચવામાં આવેલી સમિતિએ અહેવાલમાં શું કહ્યું છે કે, પ્રશ્ન કલાક દરમિયાન ભાજપના કિરીટ સોમૈયા દ્વારા આ સંદર્ભમાં એવો પ્રશ્ન પણ કરવામાં આવ્યો હતો કે, ઈશરત જહાંને પહેલા ત્રાસવાદી અને મોડેથી શહીદ તરીકે દર્શાવવા સંબંધિત તત્કાલિન ગૃહપ્રધાન ચિદમ્બરમના એફિડેવિટ સાથે સંબંધિત ગાયબ થયેલા

● અનુસંધાન પાન-૭ પર

## ભારત-પાકની વચ્ચે આજે દિલ્હી ખાતે ચર્ચા થઈ શકે

નવી દિલ્હી,તા. ૨૫

ભારત અને પાકિસ્તાનના વિદેશ સચિવો આવતીકાલે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમા બેઠક યોજે તેવી શક્યતા દેખાઈ રહી છે. વાતચીતને આગળ વધારી દેવા બન્ને દેશો પર વિશ્વના દેશોનુ દબાણ રહેલુ છે. વિશ્વસનીય સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે વિદેશ સચિવ એજાજ અહેમદ ચૌધરી આવતીકાલે નવી દિલ્હીમાં હાર્ટ ઓફ એશિયા કોન્ફરન્સમાં પાકિસ્તાની પ્રતિનિધિ મંડળનુ નેતૃત્વ કરશે. આ બેઠકમાં અમેરિકા, ચીન, રશિયા, અફઘાનિસ્તાન, ઈરાન, પાકિસ્તાન અને અન્ય દેશોના હાઈ રેન્કના અધિકારીઓ પણ ભાગ લઈ રહ્યા છે.





**M.D. SIR (MATHS SIR)**
- Std. 11th-12th Maths
- JEE Special Sir
- Std. 10th Maths-All Board
- Eng-Guj both Medium
- 24 years Exp. Sir
- Group-Personal tuition at your home

Author of Harvy Prakashan
Mob. 9377128297, 9726408128
Plot No. 353/1, Sec.2-B, Gandhinagar

